મહત્વકાંક્ષા પુરી કરવા ગમે તે ન કરાય : શંકરસિંહ વાઘેલા

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૧૪

૧૪મી એપ્રિલ બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિએ હિંમતનગર ખાતે આવેલી તેમની પ્રતિમાને શ્રદ્ધાંજલિ રૂપે પુષ્પમાળા અર્પણ કરી આજે હિંમતનગર ટાઉનહોલ ખાતે સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસના સંમેલનમાં હાજરી આપવા આવેલા કોંગ્રેસના આગેવાન અને પૂર્વ મુખ્યમંત્રી સાબરકાંઠાના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહજી વાઘેલાએ યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે યુવાનો લોકશાહીના પ્રહેરી અને સાચા માર્ગદર્શક છે. યુવાનોએ મહત્વકાંક્ષાને મહત્વનો મુદ્દો બનાવી પોતાના જીવનનું ઘડતર કરવું જોઈએ. મહત્વકાંક્ષા પુરી કરવા બૂમો પાડવી જોઈએ નહી. તેઓએ જણાવ્યું હતું કે મહત્વકાંક્ષા બહીંમુખી નહી પરંતુ અંર્તમુખી હોવી જોઈએ. સ્વ. રાજીવ ગાંધીએ ૧૮ વર્ષની ઉંમરે આપેલ મતદાનના અધિકારનો ઉપયોગ તથા સાથોસાથ યુવાનોએ પોતાને સોંપવામાં આવેલ કામને વફાદાર રહેવું જોઈએ. વિશેષમાં આવનારી ચૂંટણીમાં સાબરકાંઠાના યુવાનોએ પુરી વફાદારીથી ઝનૂનપૂર્વક કોંગ્રેસ તરફે મતદાન કરી, કરાવી પોતાને સોંપવામાં આવેલી જવાબદારી અદા કરશે તેવો મને વિશ્વાસ છે.

આ પ્રસંગે પાટણના સાંસદ જગદીશભાઈ ઠાકોરે યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે તમારા ખભે ભારતના ભવિષ્યની જવાબદારી છે સાથે સાથે જાગૃતતાએ તમારી કાર્યસિદ્ધિ હશે અને આ પ્રસંગે યુવક કોંગ્રેસ પ્રમુખ માનસિંહ ડોડીયા, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી ઈન્દ્રવિજયસિંહ ગોહીલ, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ તથા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ તથા કોંગ્રેસના આગેવાનો અને ધારાસભ્યો હાજર રહ્યા હતા.

મહેસાણા સંસદીય વિસ્તારના ખર્ચ નિરીક્ષકઓની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ

મહેસાણા, તા.૧૪

મહેસાણા જિલ્લા ૪ સસંદીય વિસ્તારના ખર્ચ નિરીક્ષકશ્રીઓની અધ્યક્ષતામાં ખર્ચ મોનીટરીંગ અંગેની બેઠક યોજવામાં આવી હતી. જેમાં બેચરાજી-ઊંઝા, વિસનગર અને કડી વિધાનસભા વિસ્તારના ખર્ચ નિરીક્ષકશ્રી રાજકુમાર અને મહેસાણા-વિજાપુર અને માણસા વિસ્તારના ખર્ચ નિરીક્ષકશ્રી સત્યપાલ મીના હાજર રહ્યા હતા. આ બેઠકમાં ખર્ચ નિરીક્ષકશ્રીઓએ ઉમેદવારોના વિવિધ ખર્ચા, વિડીયો સર્વેલન્સ ટીમ, વિડીયો મોનીટરીંગ ટીમ, એમ.સી.એમ.સી. ટીમ સહિત વિવિધ કાર્યરત ટીમોના ખર્ચા અંગેની વિગતોની સમીક્ષા કરી જરુરી સુચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીશ્રી રાજકુમાર બેનીવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નરેન્દ્રકુમાર મીના, જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી જે.આર. મોથલીયા સહિત નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા ખાતે આજે ૧૪મી એપ્રિલના રોજ બંધારણના ઘડવૈયા અને દલિતોના મસિહા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે આંબેડકર સાહેબની પ્રતિમા પર અગ્રણીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

મોડાસામાં શંકરસિંહને જોરદાર પ્રતિસાદ

મુલોજ સહિતના અનેક ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર-પ્રસારમાં મતદારોની ભારે ભીડ

મુલોજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં વર્ષોથી કોંગ્રેસનો ગઢ ગણાતા આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસ પક્ષે શંકરસિંહ વાઘેલાને ટીકીટ ફાળવી છે. જેના ભાગરૂપે હાલ જિલ્લાભરમાં શંકરસિંહને મતદારો તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

મોડાસા તાલુકાના ગામ્ય વિસ્તાર મુલોજમાં ગત શનિવારે શંકરસિંહની જાહેર સભા યોજાઈ હતી. જેમાં હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી અને લોકોએ સામેથી ચાલીને કોંગ્રેસને મત આપીશુ તેવો વિચાર સ્પષ્ટ કર્યો હતો. જ્યારે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને રેખાબેન ચૌધરી સહિતના અગ્રણીઓએ ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. આ કાર્યક્રમમાં અંબાલાલ ઉપાધ્યાય, હીરાભાઈ, રમણસિંહ ખાંટ, વનરાજસિંહ ખાંટ, બાબુભાઈ ખાંટ, પુજાભાઈ ખાંટ, બદાભાઈ તરાર, વિનુભાઈ ડામોર સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અને જંગી મતોથી લીડ આપીશુ તેવા શુર પુરાવ્યો હતો.

ખેડબ્રહ્મામાં ચૂંટણી સહી ઝુંબેશ યોજાઈ

ખેડબ્રહ્મા ખાતે સોમવારના રોજ અંબિકામાતાજી મંદિર ખાતે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સહી ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચૈત્રી પૂનમે દર્શનાર્થે આવતા યાત્રાળુઓને સહી કરાવી ફરજીયાત મતદાન કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ ઉપરાંત ઈલેક્ટ્રોનિકલ વોટિંગ મશીનથી કેવી રીતે મતદાન કરવું અને 'નોટા' ઓપ્શનનો ઉપયોગ કેવી રીતે કરવો તેની માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાંત અધિકારી, ચીફ ઓફિસર કારોબારી ચેરમેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ભિલોડા તાલુકાના હાથીયા ગામમાં ઉછીના રૂપિયા ઉઘરાણી કરવા બાબતે ઝગડો

ભિલોડા, તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના હાથીયા ગામમાં ઉછીના રૂપિયા ઉઘરાણી કરવા બાબતે ઝગડો કરી ગળદાપાટુનો મારી જાનથી મારી નાખવાની ધમકી આરોપીઓ ધ્વારા આપવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. જીલ્લા મેજીસ્ટ્રેટ સા.ના જાહેરનામાનો પણ ભંગ કરતાં હાથીયા ગામના આરોપીઓ વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ હાથીયા ગામમાં નગીનભાઈ બદાજી બોડાતના પિતાજી બદાજી લાલુજી બોડાતએ પ્રવિણભાઈ સળુભાઈ બોડાત અને બચુબેન પ્રવિણભાઈ બોડાતને ઉછીના આપેલા રૂા.૨૫૦૦/-ની ઉઘરાણી કરતાં આરોપીઓએ કહ્યું કે તું શેના રૂપિયા માગે છે તેમ કહી ઝગડો ઉભો કરી ગળદાપાટુનો માર મારી મારા-મારી કરતા હતા. પ્રવિણભાઈ બોડાતએ હાથમાં પથ્થર પકડી બદાજી બોડાતના ડાબા કાન ઉપર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી બિભત્સ મનફાવે તેમ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. જીલ્લા મેજીસ્ટ્રેટ સા.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાનું પોલીસ સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. આ બનાવ સંદર્ભે ભિલોડા તાલુકાના હાથીયા ગામના નગીનભાઈ બદાજી બોડાતએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા હાથીયા ગામના પ્રવિણભાઈ સળુભાઈ બોડાત અને બચુબેન પ્રવિણભાઈ બોડાત વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ખેડબ્રહ્મામાં જીલ્લા કલેક્ટરના જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ

ખેડબ્રહ્મા, તા. ૧૪

એક તરફ લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે જીલ્લા કલેક્ટરના જાહેરનામાની ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. ખેડબ્રહ્મા તાલુકાના અમુક વિસ્તારો ચૂંટણી પંચ દ્વારા સંવેદનશીલ ગણવામાં આવ્યા છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

શહેરમાં તેમજ તાલુકામાં પરપ્રાંતિય ભાડૂઆતોનો રાફડો ફાટી નિકળ્યો છે. સાબરકાંઠા જીલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડેલ છે જેમાં મોટાભાગના ઘર માલીક અને દુકાનદારોને ત્યાં ભાડુઆત, નોકરી કરતા મજૂરોને આશરો આપી રહ્યા હોવાનું ધ્યાન પર આવેલ છે જે લોકોની ઓળખાણ અંગેના જરૂરી પુરાવાઓ, વિગતો સ્થાનીક પોલીસ સ્ટેશનમાં નોધાવેલ નથી અને જરૂરી નિયત પત્રકોમાં માહિતી ભરી પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ નથી જેથી કરીને અસામાજીક તત્વો દ્વારા અનિચ્છનીય પ્રવૃત્તિને લઈને પ્રજામાં ફફડાટ ફેલાઈ રહ્યો છે. જ્યારે તંત્ર દ્વારા ભીનુ સંકેલાઈ રહ્યું હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. દારૂડીયાઓ ખુલ્લેઆમ છાટકા બની જાહેર સ્થળો પર પડી રહે છે તંત્ર લાચાર બની જોઈ રહ્યું છે.

દાંતીવાડામાં જીવદયા પ્રેમીઓએ મૂંગા પશુઓના જીવ બચાવ્યા!

રાજસ્થાનથી બળદ ભરેલી બે ટ્રકોમાં પરવાનગી કે ખરીદીના કાગળો ન હોવાથી ૨૪ બળદોને કોટ પાંજરાપોળને હવાલે કરાયા

દાંતીવાડા, તા.૧૪

દાંતીવાડા કોલોનીમાં આજ રોજ રાજસ્થાનથી આવતી બે ટ્રકોને જીવદયા પ્રેમીઓએ શંકાના આધારે ઉભી રખાવી અંદર જોતા ખીચો ખીચ બળદ ભરેલા હોવાનું માલુમ થતા તેઓએ પોલીસને જાણ કરી હતી. પોલીસે આવી તપાસ કરતા કોઈ જ પ્રકારનો પરવાનગીનો આધાર પુરાવો ન મળતા બળદોને કોટ-પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ આજ રોજ સવારના ૬ વાગ્યાના આજુબાજુના સમયગાળા દરમિયાન રાજસ્થાન તરફથી આવતી બે ટ્રકો જીજે ૧૯-વી-૭૨૪૪ અને જીજે-૨-વાય-૭૪૦૧ નંબરની ગાડીઓ પર જોષી વિપુલ કુમાર મગનલાલને શંકા થતા તેઓએ ગાડીઓ ઉભી રાખવી હતી અને અંદર જોતા બંને ગાડીઓમાં બળદ ભરેલા જણાયા ટ્રકના ડ્રાઈવરોને પૂછતા કોઈ જ પ્રકારના કાગળો ન હોવાનું જણાવ્યું હતું.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

જેથી કરી તેમણે દાંતીવાડા આઉટ પોલીસ ચોકીને જાણ કરી હતી જાણ થતાની સાથે જમાદાર તેમજ રાઈટર ગાડીઓ જોડે પહોંચ્યા હતા અને ગાડીઓની તપાસ કરતા બંને ગાડીઓમાં ૨૪ બળદો ભરેલા જણાયા જેથી ટ્રકના ડ્રાઈવરોને કાગળ લાવવા કહ્યું ત્યારે રાજસ્થાનથી કાલોલ હાલોલ લઈ જવાના છે તેવું જણાવ્યું હતું અને કાગળ પાછળ હોવાનું કહ્યું હતું. પોલીસે કાગળ આવવાની કલાકો સુધી રાહ જોઈ પરંતુ કોઈ જ પ્રકારના કાગળ કે માલિક આવ્યા નહિ. સદંતરે ટ્રકોના અંદર રહેલા બળદોને કોટ પાંજરાપોળને સોંપી દેવામાં આવ્યા અને બંને ટ્રકોને વધુ બળદ ભરવાના ગુનામાં આરટીઓ કચેરીને સોંપી દેવાઈ હતી.

તલોદમાં કોંગ્રેસ કાર્યલયનો પ્રારંભ

સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાના ચૂંટણી કાર્યાલયનો તલોદ મુકામે માનસિંહ ઠાકોરના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યાલય ઉદ્‌ઘાટન પ્રસંગે કોંગ્રેસન ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, મંગુભા ઝાલા, રંગુસિંહ સોલંકી, એસ.કે. ઝાલા, નીતા શાહ, વિષ્ણુબા, બુનાબા, હીરાભાઈ, કીર્તિસિંહ, આશાબેન પટેલ, અરવિંદભાઈ વણકર, અભેસિંહ ઝાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડામાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૩મી જન્મ જયંતીની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૩મી જન્મ જયંતીની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા આંબલી બજાર વિસ્તારમાં આવેલ ડૉ.બાબા સાહેબ આંબેડકર ચોકમાં ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૩મી જન્મ જયંતી નિમિત્તે ઉજવણી ધામ-ધુમ પુર્વક યોજાઈ હતી. આ પ્રસંગે ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, બલભદ્રસિંહ ચંપાવત, અમરતલાલ પરમાર, બાબુલાલ પરમાર, નિકુંજભાઈ પરમાર, મુકેશભાઈ પટેલ, કંર્દપભાઈ પટેલ, ગુણવંતલાલ ત્રિવેદી, યોગેશભાઈ બુધ્ધ, લાલસિંહજી ચૌહાણ, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, કાંતીલાલ પટેલ, ભવાનભાઈ તરાર, નીલાબેન મડીયા, હસમુખભાઈ મડીયા, રાજેશભાઈ નિનામા, જેસીંગભાઈ પટેલ, બી.ટી.નાયી, મુકેશભાઈ ત્રિવેદી, કમલેશભાઈ મહેતા, મુકેશભાઈ પંચાલ, યજ્ઞેશભાઈ પંચાલ, નવિનભાઈ વાઘેલા, નારાયણભાઈ ચૌધરી, કેતનભાઈ પંડ્યા, જશુભાઈ પંડ્યા, ભાવેશભાઈ ત્રિવેદી, રતીલાલ ચૌહાણ, રામઅવતાર શર્મા, હરેશભાઈ પંચાલ, રસીકભાઈ લખવારા સહિત સામાજીક કાર્યકરો, રાજકીય હોદ્દેદારોએ ભિલોડા આંબલી બજાર વિસ્તારમાં આવેલ ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર, સુતરની આંટી પહેરાવી ડૉ.બાબા સાહેબ આંબેડકર અમર રહો, જય ભીમના સુત્રોચારો કર્યા હતા. ભારત રત્ન બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતી નિમિત્તે અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં રાજકીય હોદ્દેદારા, કાર્યકરો ધ્વારા ધામ-ધુમ પુર્વક ઉજવણી કરાઈ હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧